JANMARG
AHMEDABAD JANMARG LIMITED
(A 100% Subsidiary of Ahmedabad Municipal Corporation)

# અમદાવાદ જનમાર્ગ લી. (BRTS)

ડૉ. રમણભાઈ પટેલ ભવન, પશ્ચિમ ઝોન, અ. મ્યુ. કો., ઉસ્માનપુરા, અમદાવાદ.

કિંમત રૂા. - નિઃશુલ્ક

ફોર્મ નં. S ____________

## વિદ્યાર્થી પાસ માટેનું અરજી પત્રક

☐ રીન્યુઅલ ☐ નવું ફોર્મ

લાગુ પડતુ હોય ત્યાં ✓ કરો

કાર્ડ નં. ____________

કાર્ડની મુદત ____________

સ્ટેશનનું નામ ____________

તારીખ ____________

### જનમિત્ર સ્માર્ટ કાર્ડ

-: ફક્ત ઓફિસ ઉપયોગ માટે :-

ચેકીંગ અધિકારીની સહી

પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પ્રિન્સીપાલશ્રીની સહી સાથેનો અહી ચોંટાડવો

| | | | |
|---|---|---|---|
| Name of Card Holder (Capital Letter in English) | (Surname) | (First Name) | (Middle Name) |
| રહેઠાણનું સરનામું :- | | | |
| ફોન નંબર :- | | મોબાઈલ નં. :- | |
| ઇ-મેઇલ એડ્રેસ :- | | | |
| જન્મ તારીખ :- | D D M M Y Y Y Y | જો કાર્ડ રીન્યુ કરવાનું હોય તો કાર્ડનું બેલેન્સ અહી લખવું ____________ | |
| અભ્યાસ :- | | | |
| શાળા/કોલેજનું નામ :- | | | |
| સરનામું :- | | | |

ફક્ત શાળા / કોલેજના ઉપયોગ માટે

| | | |
|---|---|---|
| સત્રની મુદત :- | તારીખ : / /૨૦ | થી તારીખ : / / ૨૦ |

ઉપરોક્ત વિગતો શાળા / કોલેજના રેકર્ડ પરથી ચકાસેલ છે. જે સાચી છે. તેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શાળા / કોલેજનો સીલ તથા પ્રિન્સીપાલશ્રીની સહી અને સિક્કો

મેં અમદાવાદ જનમાર્ગ લી. ના ટ્રાવેલ કાર્ડના તમામ નિયમો વાંચેલ છે. તથા મને બંધનકર્તા છે. તે બાબતની હું સહમતી આપું છું.

અધિકારીની સહી :-

વિદ્યાર્થીની સહી :- ____________

# બી.આર.ટી.એસ. માટે વિદ્યાર્થી સ્માર્ટકાર્ડ અંગેના નિયમો અને શરતો

૧. સ્માર્ટકાર્ડ રીન્યુઅલ કરાવતી વખતે કોઈપણ નાણાં ભરવાના રહેશે નહી.

૨. વિદ્યાર્થીને ફોર્મ નિયત કરેલ બી.આર.ટી.એસ. સ્ટેશન પરથી નિઃશુલ્ક મળશે.

૩. માન્ય શાળા/કોલેજ તથા માન્ય આઇ.ટી.આઇ. ના વિદ્યાર્થીઓને જ વિદ્યાર્થી સ્માર્ટકાર્ડનો લાભ મળશે.
આ સ્માર્ટકાર્ડ માત્ર ચાલુ વર્ષના રેગ્યુલર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ મળી શકશે.

૪. અમદાવાદ જનમાર્ગ લી. ના નિયત ફોર્મમાં વિદ્યાર્થીએ શાળા/કોલેજના પ્રિન્સીપાલશ્રી દ્વારા ફોટો અને ફોર્મ પ્રમાણીત કરાવી અમદાવાદ જનમાર્ગ લી. ના નિયત કરેલ બસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે. જેની સાથે શાળા/કોલેજનું આઇડેન્ટીટી કાર્ડ/ચાલુ સત્રના પુરાવાની નકલ/આધાર કાર્ડ સ્વપ્રમાણીત કરીને સામેલ કરવાનું રહેશે.

૫. વિદ્યાર્થીઓએ જે સ્ટેશન પર ફોર્મ જમા કરાવ્યું હશે તે જ સ્ટેશન પરથી સ્માર્ટકાર્ડ મેળવવાનું રહેશે.

૬. વિદ્યાર્થીએ સત્ર પુરૂં થાય ત્યારે શરૂ થતા નવા સત્ર માટે સ્માર્ટકાર્ડ રીન્યુઅલ ફોર્મ ભરી જુના સ્માર્ટકાર્ડની સાથે સ્ટેશન પર જમા કરાવવાનું રહેશે. જેથી સ્માર્ટકાર્ડની સમય મર્યાદા આગળના સત્ર પ્રમાણે લંબાવી આપવામાં આવશે.

૭. વિદ્યાર્થીએ મુસાફરી સમયે શાળા/કોલેજનું આઇડેન્ટી કાર્ડ સાથે રાખવાનુ રહેશે અને અમદાવાદ જનમાર્ગ લી. ના પ્રવાસ દરમ્યાન સંસ્થાના ચેકીંગ સ્ટાફ કે અન્ય અધિકારી દ્વારા પાસ ચકાસણી માટે માંગવામાં આવે ત્યારે પાસ બતાવવાનો રહેશે. જો આઇ કાર્ડ નહી હોય તો વિદ્યાર્થીનું સ્માર્ટકાર્ડ જપ્ત કરવામાં આવશે. અને નિયમોનુસારની પેનલ્ટી ભરવાની રહેશે.

૮. આકસ્મિક કારણોસર નિયત સમયે બસ ન મળે તો સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહિ.

૯. સદર સ્માર્ટકાર્ડ પર જો કોઇ અન્ય વ્યકિત મુસાફરી કરતા માલુમ પડશે તો સ્માર્ટકાર્ડ રદ કરવામાં આવશે અને તેમાં જમા રકમ કોઇ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી તેમજ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૧૦. કોઈપણ સ્માર્ટકાર્ડ ધારક સંસ્થાની કામગીરીમાં અવરોધ કરતા જણાશે અથવા તો સંસ્થાની મિલકતને નુકશાન કરતા જણાશે અથવા તો બસ રોકવાનું કૃત્ય કરશે તો તેવા કાર્ડ ધારકનું કાર્ડ રદ થવાને પાત્ર બનશે અને તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૧૧. સ્માર્ટકાર્ડની અવધિ પૂર્ણ થયા બાદ જો તે સ્માર્ટકાર્ડમાં કોઇ પણ નાણાં જમા હશે તો તે કોઇ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી. પરંતુ સત્ર/વર્ષ પૂર્ણ થયા બાદ નવેસરથી નવા સત્ર/વર્ષ માટે ઉપર મુજબ નવેસરથી ફોર્મ ભરી જમા કરાવ્યેથી સદર સ્માર્ટકાર્ડ રીન્યુ કરી આપવામાં આવશે. અને તે સ્માર્ટકાર્ડમાં નાણાં જમા થઇ જશે.

૧૨. વિદ્યાર્થીઓએ સ્માર્ટકાર્ડ સ્ટેશનમાં વેલીડેટર મશીન પર એન્ટ્રી-એકઝીટ કરતા સમયે સીક્યુરીટી ગાર્ડને દેખાય તે રીતે ટચ કરીને આવવાનું અને જવાનું રહેશે.

૧૩. અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા સ્માર્ટકાર્ડ માટે બનાવેલ પોલિસી પણ આ વિદ્યાર્થી સ્માર્ટકાર્ડને લાગુ રહેશે.

૧૪. કોઇ સંજોગોમાં વિદ્યાથીનું સ્માર્ટકાર્ડ ખોવાઇ જાય કે ચોરાઇ જાય તો તેઓએ તુંરંત જ ICICI બેંકના ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૬૬૯૮૪૯ ઉપર તાકીદે જાણ કરી આગળની કાર્યવાહી ઓપરેટરની સુચના મુજબ કરવાની રહેશે.

૧૫. અમદાવાદ જનમાર્ગ લી. ની તમામ યોજના અન્વયે કોઇપણ પાસ સંસ્થાએ નક્કી કરેલ નિતી-નિયમોને (વખતો વખત ફેરફારને આધીન) અનુસરીને આપવામાં આવશે.

વાલીની સહી　　　　　　　　　　વિદ્યાર્થીની સહી